# કોરુગેટેડ બૉક્સના ઉત્પાદન ખર્ચમાં 70% વધારો થતાં સંખ્યાબંધ એકમો કટોકટીમાં

## રિસાઈકલ્ડ ક્રાફ્ટ પેપર રોલ્સની નિકાસ આ વર્ષે ૨૦ લાખ ટનથી વધવાની ધારણા

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

લોકડાઉન પછીના છેલ્લા થોડાક મહિનાઓમાં ઉત્પાદનખર્ચમાં તીવ્ર વધારો અને કાચા માલોનો પુરવઠો ખોરવાઈ જવાથી ગુજરાતનો કોરૂગેટેડ બૉક્સ ઉદ્યોગ કટોકટીની સ્થિતિમાં આવી ગયો છે. કાચા માલ તરીકે વપરાતો ક્રાફ્ટ પેપરના ભાવ ઉપરાંત કુલ ઉત્પાદન ખર્ચમાં 70 ટકા વૃદ્ધિ તેમજ આયાતી અને વેસ્ટ પેપરની અછતના કારણે કિંમતમાં તોતિંગ વધારાના કારણે ક્રાફ્ટ પેપર મિલો પુરવઠા ખેંચનો સામનો કરી રહી છે.

બીજી તરફ મિલો ચીનના રિસાયકલ્ડ ક્રાફ્ટ પેપર પલ્પ રોલ્સના સ્વરૂપમાં ક્રાફ્ટ પેપરની નિકાસ કરી રહી છે. 1 જાન્યુઆરીથી વેસ્ટ પેપર્સ સહિતના તમામ સોલિડ વેસ્ટની આયાત ઉપર પ્રતિબંધનો પણ ઉદ્યોગ સામનો કરી રહ્યો છે. ઈકમાના ઉપ-પ્રમુખ હરીશ મદને જણાવ્યું છે કે આ પર્યાવરણ પ્રેમી ઉદ્યોગ છે જે વાર્ષિક ૭૫ લાખ મેટ્રિક ટન રીસાઈકલ્ડ ક્રાફ્ટ પેપરનો વપરાશ કરે છે અને 100% રીસાઈક્લેબલ કોરૂગેટેડ બૉક્સનું નિર્માણ કરે છે. આના બજારનું કદ રૂા. 27000 કરોડનું છે. આ ઉદ્યોગમાં 6 લાખને રોજગારી મળે છે.

ઈકમાના એમિરેટસ પ્રેસિડેન્ટ કિરીટ મોદીએ જણાવ્યું હતું કે ભારતના કોરૂગેટેડ બૉક્સ ઉદ્યોગમાં 350થી વધુ ઓટોમેટિક કોરૂગેટરો છે અને 10000થી વધુ સેમિ-ઓટોમેટિક એકમો છે. મોટા ભાગે એમએસએમઈ ક્ષેત્ર છે. તમામ ઉત્પાદિત ચીજો સસ્ટેઈનેબલ પૅકેજિંગ સાથે સપ્લાય થઈ શકે તે માટે અને વડા પ્રધાનની મેક ઈન ઈન્ડિયા ઝુંબેશ સાર્થક થાય તે માટે ભારતીય કોરૂગેટેડ બૉક્સ ઉદ્યોગની તંદુરસ્તી જરૂરી છે. આથી મોટા બ્રાન્ડ ધારકો અને અન્ય કોર્પોરેટ ફેર પ્રાઈસ રીવીઝન મંજૂર કરે એ જરૂરી છે કે જેથી કોરૂગેટેડ બૉક્સ ઉદ્યોગને બંધ પડતાં અટકાવી શકાશે.

### નિકાસ વૃદ્ધિથી સપ્લાય સાઈડ ગેમ-ચેન્જર બની



“ભારતીય ક્રાફ્ટ પેપર મિલો દ્વારા રીસાઈકલ્ડ ક્રાફ્ટ પેપર રોલ્સની નિકાસ આ વર્ષે 20 લાખ ટનથી વધી જવાની છે જે ભારતના કુલ સ્થાનિક ક્રાફ્ટ પેપર ઉત્પાદનના 20 ટકા જેટલી થાય છે. 2018 પહેલાં શૂન્ય નિકાસ હતી અને એ ધોરણે આ સપ્લાય સાઈડ ડાયનેમીક્સ ગેઈમ-ચેન્જર બની ગઈ છે. » સંદીપ વાધવા-પ્રમુખ, ઈક્મા